નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી/અધિકારીઓ
માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/ CCC+ની તાલીમ માટે
ખાનગી તાલીમી સંસ્થાઓને માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર
**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**
ઠરાવ ક્રમાંકઃ ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૭/૦૪/૨૦૧૭

<u>વંચાણે લીધા:</u>

(૧.) સા.વ.વિ.નું તા.૩૦/૦૯/૨૦૦૬ નું અંગ્રેજી જાહેરનામુ ક્રમાંક :GS /2006/31/ખતપ /102005 /1519/K

(૨.) સા.વ.વિ.નો તા.૩૦/૦૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: પરચ/ ૧૦૨૦૦૫ /૧૫૩૨/ક

(૩) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૦૧/૦૨/૨૦૦૮ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪.) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૬/૦૩/૨૦૧૦ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૫.) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૬.) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૫/૦૩/૨૦૧૨ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૭.) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૯/૦૨/૨૦૧૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૮) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૨/૦૬/૨૦૧૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૯) ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી, ગાંધીનગરનો તા.૦૭/૦૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક: GIL/CCC_File/e-Gov/2016-

<u>આમુખ:</u>

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તારીખઃ ૩૦/૯/૨૦૦૬ના જાહેરનામાથી બહાર પડાયેલ " કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ " ની જોગવાઇઓ હેઠળ રાજય સરકારના કર્મચારીઓ / અધિકારીઓ માટે સીધી ભરતી / બઢતીથી નિમણૂંક પ્રસંગે, કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત બનાવાયેલ છે. અને સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામે દર્શાવેલ

તાઃ૩૦/૯/૨૦૦૬ના ઠરાવથી "કોમ્પ્યુટર કૌશલ્ય" ની તાલીમ અને પરીક્ષા કાર્યપધ્ધતિ નકકી કરવામાં આવી છે.

૨. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેમના વિવિધ ઠરાવોથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/ CCC+ ની તાલીમ અને પરીક્ષા માટે સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા હેઠળનાં કેન્દ્રો, ગુજરાત કાઉન્સીલ ઑફ વોકેશનલ ટ્રેઈનીંગ સંચાલિત આઇ.ટી.આઇ. કેન્દ્રો, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હેઠળનાં કેન્દ્રો, ટેકનીકલ પરીક્ષા બોર્ડ હેઠળની ઈજનેરી કૉલેજો/સરકારી પોલીટેકનીક વગેરેને તાલીમ અને પરીક્ષા કેન્દ્રો તરીકેની માન્યતા આપવામાં આવેલી છે. સાથોસાથ રાજય સરકારના કર્મચારીઓ / અધિકારીઓની વિશાળ સંખ્યાને ધ્યાને લઇને, ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામે દર્શાવેલ આ વિભાગના તાઃ૧/૨/૨૦૦૮ના ઠરાવથી, સરકારી કર્મચારીઓ / અધિકારીઓને આ તાલીમ આપવા માટે ખાનગી તાલીમ સંસ્થાઓને પણ માન્યતા આપવામાં આવેલી છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪), (૫) ,(૬), અને (૭) સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવથી નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી / અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/CCC+ની તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓની માન્યતાની મુદ્દત લંબાવવામાં આવેલી છે. અને છેલ્લે વંચાણે લીધેલ ક્રમાંક (૮) સામે દર્શાવેલ આ વિભાગના તાઃ ૧૯/૦૨/૨૦૧૩ના ઠરાવથી નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી / અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/CCC+ની તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓની માન્યતાની મુદ્દત તાઃ૩૦/૦૬/૧૫ સુધી લંબાવવામાં આવેલી છે. વંચાણે લીધેલ ક્રમાંક (૯) સામે દર્શાવેલ ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી, ગાંધીનગરના તા.૦૭/૦૩/૨૦૧૭ના પત્રની ભલામણ અન્વયે આ તાલીમ સંસ્થાઓની માન્યતાની મુદ્દત પૂરી થયેલ હોઈ આ મુદ્દત લંબાવવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ / અધિકારીઓને કૉમ્પ્યુટર કૌશલ્યની CCC/ CCC+ની તાલીમ આપવા માટે, આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલ પાંચ ખાનગી સંસ્થાઓને, તાલીમ કેન્દ્રો તરીકે આથી તા.૩૦/૦૬/૨૦૧૭ સુધી માન્યતા આપવાનું આથી ઠરાવવામાં આવે છે અને આવા કર્મચારીઓને તાલીમ આપવા માટે નીચેની વ્યવસ્થા કરવાનું પણ ઠરાવવામાં આવે છે

(૧.) આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પાંચ ખાનગી સંસ્થાઓને પ્રાથમિક તબક્કે તા:૩૦/૬/૨૦૧૭ સુધી તાલીમની કામગીરી માટે માન્યતા આપવામાં આવે છે.

(૨.) રાજય સરકારનાં નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓ, આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પાંચ ખાનગી તાલીમી સંસ્થાઓમાંથી તેમની પસંદગીની કોઈપણ તાલીમી સંસ્થામાં કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની CCC/CCC+ માટેની તાલીમ લઈ શકશે. પરિશિષ્ટમાં દર્શાવેલ તાલીમી સંસ્થાઓની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરામર્શમાં સમયાંતરે સમીક્ષા કરી તેમાં જરૂરીયાત મુજબનો ફેરફાર કરી શકાશે.

(૩.) પરિશિષ્ટમાં દર્શાવેલ સંસ્થાઓ પૈકીની સંસ્થામાંથી નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓએ તાલીમ લીધેલ હશે તો તેઓએ આ અંગે ફી પેટે તાલીમ સંસ્થાને જે રકમ ચૂકવી હશે તે રકમ અથવા CCC ની તાલીમ માટે માટે ઠરાવેલ ફી પેટે રૂ.૯૦૦/- અને CCC+ ની તાલીમ માટે ઠરાવેલ ફી પેટે રૂ.૧૮૦૦/- પૈકી જે રકમ ઓછી હશે તેટલી રકમ જે તે કર્મચારી/અધિકારીએ સબંધિત તાલીમ સંસ્થાને ચૂકવેલ ફી ની પહોંચ રજૂ કરતાં, તેમની કચેરીમાંથી રીઈમ્બર્સ કરવાની રહેશે.

(૪.) ખરેખર ખર્ચની મર્યાદામાં CCCની તાલીમ માટે રૂ.૯૦૦/- અને CCC+ ની તાલીમ માટે રૂ.૧૮૦૦/- પૈકી જે ઓછું હશે તેટલી રકમનું રીઈમ્બર્સમેન્ટ જે તે કર્મચારી/અધિકારી આ અંગે આઈ.ટી.આઈ./સ્પીપા/ગુજરાત ટેકનીકલ પરીક્ષા બોર્ડ અથવા સરકાર દ્વારા પરીક્ષા સંસ્થા તરીકે માન્યતા પ્રાપ્ત સંસ્થા મારફત પરીક્ષા પાસ કર્યા બાદ જ અને પોતાની સેવાકાળ દરમ્યાન માત્ર એક વખત મેળવી શકશે. કર્મચારી/અધિકારી તાલીમ તથા પરીક્ષા તેઓ ઈચ્છે તેટલી વાર તેઓના ખર્ચે આપી શકશે. પરંતુ તેઓને રીઈમ્બર્સમેન્ટ ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે.

(૫.) અસ્થિવિષયક ખામી ધરાવતા અને બધિર કર્મચારીઓ/અધિકારીઓ ઉપર ફકરા-૨ માં ઉલ્લેખિત સંસ્થાઓ અથવા આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ સંસ્થાઓમાંથી, ગમે તે એકમાં તેમની ઈચ્છા મુજબ તાલીમ લઈ શકશે.

(૬) આ અંગેનો ખર્ચ જે તે વિભાગ/કચેરી/સંસ્થાના બજેટમાં આઈ.ટી. સદરે થયેલ જોગવાઈમાંથી ઉધારવાનો રહેશે.

(૭) આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની તા.૨૨/03/૨૦૧૭ની નોંધથી આ વિભાગની ફાઈલ પર મળેલી સંમતિ તથા સરકારશ્રીની સંમંતિના આધારે કરેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેમાંગ પુરોહિત)
નાયબ સચિવ(આઇટી)
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- દરેક વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગાંણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી , રાજકોટ / અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- ક શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ ભવન, અમદાવાદ
- ડાયરેકટરશ્રી(ઇ-ગવર્નનન્સ), ગુજરાત ઇન્ફર્મેટીકસ લી., ઉધોગભવન, ગાંધીનગર તરફ સર્વે ખાનગી સંસ્થાઓને જાણ કરવા સારુ.
- વિભાગના સર્વે ખાતાના વડાઓ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

## પરિશિષ્ટ

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તા-૦૭-૦૪-૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટીનું બિડાણ

| ક્રમ | સંસ્થાનું નામ | સરનામુ | ઝોનનું નામ | ઝોનમાં સમાવિષ્ટ સૂચિત જિલ્લાઓ |
|---|---|---|---|---|
| ૧. | અંધજન મંડળ | ડૉ. જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-15 | મધ્યઝોન | અમદાવાદ, ખેડા, આણંદ, ગાધીનગર, મહેસાણા અને સાબરકાંઠા |
| ૨. | અંધજન કલ્યાણ ટ્રસ્ટ | સ્ટેશન રોડ, મુ.પો.તા.ધોરાજી, જિ. રાજકોટ | પશ્ચિમ ઝોન | રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, ભાવનગર અને અમરેલી |
| ૩. | બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ | પંચમુખી હનુમાન મંદિર સામે, મંડાવ રોડ, દાહોદ | પૂર્વ ઝોન | દાહોદ , પંચમહાલ, વડોદરા, ભરૂચ અને નર્મદા |
| ૪. | રાષ્ટ્રીય દ્રષ્ટિહીન કલ્યાણ સંઘ | વલસાડ જિલ્લા શાખા, નાનકવાડા રોડ, દત્ત મંદિર પાસે, વલસાડ | દક્ષિણ ઝોન | સુરત, વલસાડ, તાપી, ડાંગ, અને નવસારી |
| ૫. | વિકલાંગ વિદ્યાવિહાર, | મુ.પો. માધાપર, કચ્છ-ભૂજ | ઉત્તર ઝોન | કચ્છ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, અને પાટણ |

( સંજય શાહ )
સેકશન અધિકારી
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ